## ગાંધીનગર મને ગમે છે...



મને ગાંધીનગર ગમે છે.... એની શાંતિ અને હરીયાળી ના કારણે... કુદરતના સાનિધ્ય સમાન તેના બગીચાઓ તથા નાના વન્ય/ઉદ્યાન સમાન વૃક્ષાચ્છાદિત વિસ્તારોના કારણે. મારું મૂળ વતન વિસનગર...એક ઐતિહાસિક નગર. ગાંધીનગરની સ્થાપનાને ૫૭ વર્ષ થયા. શરૂઆતના સમયમાં કોઈ ગાંધીનગર રહેવા આવા પણ તૈયાર નહોતું, પણ રાજધાની તરીકે તેના વિકાસમાં વ્યવસ્થિત પ્લાનિંગ અને સેકટરના કોન્સેપ્ટનુ ખૂબ મોટું યોગદાન છે. પહેલા ઘણા બધા સેક્ટરોમાં પ્રાથમિક જરૂરિયાતોનો અભાવ હતો. પણ હવે બધા સેકટરોના સમ્યક વિકાસની સાથે નવા ઉમેરાતા વિસ્તારો (ગુડા/ ઔડા) નો વિકાસ અને વિસ્તાર પણ ખૂબ જ ઝડપી થઈ રહ્યો છે. પણ આ વિકાસની પાછળ ગાંધીનગરના હાર્દ સમાન લીલોતરી (લીલાછમ ખેતરો અને ઘટાદાર વૃક્ષો) ના નીકળતા નિકંદન જોઈ મારું હૈયું વલોવાઈ જાય છે. ગાંધીનગર સરકારી કચેરીઓ તથા રાજકારણનું કેન્દ્ર બિંદુ કહી શકાય. ગાંધીનગરની સવાર GR, બપોર CR અને સાંજ RR થી પડે એવું કહીએ તો અતિશયોક્તિ નથી. છતાં ગાંધીનગરમાં ભાઈચારા સાથે રહેતા લગભગ દરેક ધર્મ તેમજ સમાજના લોકો એ તેનું એક જમા પાસું છે. ઈ.સ. ૨૦૧૩ માં ગાંધીનગર મારી કર્મભૂમિ બની. શરૂઆતમાં ગાંધીનગર મને થોડું અજુગતું લાગતું હતું. પણ તાજેતરમાં દરેક સેક્ટરમાં થયેલા ઉદ્યાનના સમારકામ તથા પ્રાથમિક જરૂરિયાતો જેવી કે જાહેર શૌચાલયના તેમજ નવા શોપિંગ સેન્ટરના નિર્માણ પ્રત્યે મને ગર્વ થાય છે. ગાંધીનગર ની શાંતિ અને હરીયાળી ના કારણે હાલ માં થઈ રહેલા ગાંધીનગર ના વિકાસ માં ઘણા બધા અમદાવાદ ના રહેવાસી ઓ ગાંધીનગર તરફ આકર્ષાયા છે તથા અહી સ્થાયી પણ થયા છે. નવા વિકસતા વિસ્તારમાં રમત ગમત અંગેની સુવિધાઓ, સરકારી આરોગ્યની સુવિધા અને અન્ય સુવિધાઓ થકી આપણે સૌ ગાંધીનગરને ગુજરાતનું મોખરા નું રહેવા, જાણવા અને માણવા લાયક શહેર બનાવી શકીએ છીએ.

**- આશિષ દેસાઈ**
**પ્રોફેસર, મિકેનિકલ એન્જિનિયરિંગ**

# શહેરમાં રૂફટોપ સોલાર સિસ્ટમ જાગૃતિ માટે સૂર્ય રથયાત્રા યોજાશે





ગાંધીનગર,તા. ૨૬

ઈઈ ૧૦૦ સિટી પ્રોગ્રામ હેઠળ, ગુજરાત રાજ્ય માં ગાંધીનગર શહેર ને પસંદ કરવામાં આવ્યું છે. આ પ્રોગ્રામ હેઠળ ગાંધીનગર શહેર ની સંપૂર્ણ ઉર્જાની જરૂરિયાત ને રિન્યૂએબલ એનર્જી થકી પૂરી કરવા માટે , AHASOLAR એ શહેરમાં GiZ, MNRE, GEDA, UGVCL અને ટોરેન્ટ પાવરના સહયોગથી સૂર્ય રથયાત્રા અભિયાનનું આયોજન કર્યું હતું. સૂર્ય રથયાત્રા નો પ્રારંભ શ્રી પ્રમોદ પાલીવાલ, ડીન, સ્કૂલ ઓફ એનર્જી મેનેજમેન્ટ, પંડિત દીનદયાલ યુનિવર્સિટી (PDEU), અને શ્રી વિપિન શર્મા ચીફ ઓપરેટિંગ ઓફિસર (COO) AHASOLAR દ્વારા PDEU ખાતે થી ફ્લેગ ઓફ કરીને કરવામાં આવ્યો હતો. આ સૂર્ય રથયાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય સૂર્ય રથ પર સ્થાપિત કરેલ પ્રોટોટાઈપ દ્વારા લોકોમાં રૂફટોપ સોલરને અપનાવવાની પ્રક્રિયાને વેગ આપવા માટે જાગૃતિ ફેલાવવાનો છે. આ કાર્યક્રમમાં ગાંધીનગરના રહેવાસીઓને રૂફટોપ સોલાર સિસ્ટમ લગાવવા , આબોહવાને બચાવવા અને ગ્રીન કવરને જાળવવા માટે સ્વચ્છ ઉર્જાનો ઉપયોગ કરવાના ફાયદાઓ વિશે જાગૃતિ ફેલાવવાની અપીલ સાથે રથયાત્રા ઝુંબેશ હાથ ધરવા માં આવી છે. તે માટે વિવિધ કોલેજોના લગભગ ૨૦૦ જેટલા સ્વયંસેવકો આ કાર્યક્રમ માં જોડાયા છે .

સૂર્ય રથયાત્રાનો ઉદ્દેશ સમગ્ર ગાંધીનગર શહેરમાં રૂફટોપ સોલાર ક્ષમતાની માંગને એકત્રિત કરવાનો છે. GEDA દ્વારા ઈઈ સિટી પ્રોગ્રામ, ઉત્તર ગુજરાત વિજ કંપની લિ. (UGVCL), ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન (GMC), ટોરેન્ટ પાવર ના સહયોગથી GiZ અને AHASolar સાથે મળી ને ઈઈ સિટી પ્રોગ્રામ અમલમાં મૂકવામાં આવી રહ્યો છે.

સૂર્ય ગુજરાતનું સિંગલ-વિંડો વેબ પોર્ટલ, https://suryagujarat.guvnl.in/ રસ ધરાવતા રહેણાંક ગ્રાહકોને સબસિડી રૂફટોપ સોલાર પ્રોજેક્ટસ અને બિન-સબસિડી પ્રોજેક્ટ્સ માટે ઓનલાઈન વિનંતી સબમિટ કરતા પહેલા સંબંધિત માહિતી જાણવામાં મદદ કરશે અને https:// /srtgeda.gujarat.gov.in/ સોલાર રૂફટોપ ની નોંધણી કરી શકે છે.

ડિસકોમ અને અમલીકરણ એજન્સી દ્વારા, સંબંધિત માહિતી અને નોંધણી માર્ગદર્શિકા મેળવવા માટે મિસ્ડ કૉલ નંબર ૭૬૬૬૪૪૯૯૧૧ અને WhatsApp ચેટબોટ નંબર ૯૧-૯૭૨૪૩૦૦૨૭૦ ની સુવિધા પણ પૂરી પાડવામાં આવેલ છે. આ પોર્ટલ સોલર કંપની અને ગ્રાહકોને જોડવામાં , ઈન્સ્ટોલેશનની પ્રક્રિયાને સરળ બનાવવામાં અને લોકોમાં જાગરૂકતા વધારવામાં મદદ કરે છે. આ પ્રોગ્રામ AHASolar દ્વારા સંચાલિત છે . જે રાજયમાં રૂફટોપ સોલરને અપનાવવાની પ્રક્રિયાને વેગ આપવા માટે ડિજિટલ પ્લેટફોર્મ પૂરું પાડે છે.

# ગાંધીનગર જિલ્લામાં કેન્સરના નિદાન માટેના સર્વે, સ્કેનિંગ અને સારવાર અભિયાનનો આરંભ

## કલોલના મોટી ભોયણ ગામ ખાતેથી કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઇ શાહના હસ્તે કરાયો

ગાંધીનગર, તા. ૨૬

નાગરિકોના જીવ બચે તે સરકારની સૌથી મોટી મૂડી અને સંપત્તિ છે, તેવું આજરોજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે કલોલ તાલુકાના મોટીભોંયણ ખાતેથી ગાંધીનગર જિલ્લામાં કેન્સરના નિદાન માટેના સર્વે, સ્કેનિગ અને સારવાર અભિયાનનો આરંભ કરાવતા જણાવ્યું હતું.

આ ઉમદા અભિયાનનો આરંભ કરવા બદલ ગાંધીનગર જિલ્લા વહીવટીતંત્રને અભિનંદન પાઠવી કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે ઉમેર્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતના નાગરિકોનું અતૂટ વિશ્વાસ છે. તેમના માર્ગદર્શન અને નેતૃત્વમાં આરંભ થયેલ નીતિ રીતી, કાર્યક્રમો અને યોજનાઓને જનસ્વીકૃતિ મળી છે, તે વાતનું સમર્થન તાજેતરમાં ચાર રાજ્યોમાં યોજાયેલી ચૂંટણીમાં મળેલ પ્રચંડ વિજય થકી જનતાએ આપ્યું છે. વડાપ્રધાનશ્રી સમગ્ર દુનિયામાં દેશને સમૃધ્ધિ અને યશસ્વી બનાવવાનું કામ કરી રહ્યા છે.

રોજ એક નું એક કામ કરી આપણે કંટાળી જઈએ છીએ, તેવું કહી કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રી રોજ જનકલ્યાણ માટેના નવીન વિચારો,યોજનાઓ અને કામો કરી રહ્યા છે. તેઓ દેશના હિત માટે અને વિકાસ માટે સતત ૧૮ કલાક દિવસમાં કામ કરી રહ્યા છે. તેમણે કોઈ દિવસ કામ થી કંટાળ્યા નથી અને રજા પણ પાડતા નથી.

સર્વસ્પર્શી તથા સર્વસમાવેશક વિકાસ કરવાનો આરંભ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી કર્યો છે, તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતના ગામડાઓને ૨૪ કલાક વીજળી આપવાનું કાર્ય પણ તેમના માર્ગદર્શન હેઠળ સફળતાથી પૂર્ણ થયું હતું. આ કામથી સમગ્ર દેશ પ્રભાવિત થયો હતો. તેમણે ઉમેર્યું હતું કે તેઓ ઉપર છલ્લા કોઈ કામ કરતા નથી તેમણે આરોગ્યથી લઈ તમામ ક્ષેત્રની યોજનાઓની શુંખલા બનાવી છે. તેમણે નાગરિકોને તમામ વિસ્તારોમાં આરોગ્યલક્ષી સેવાઓ સરળતાથી મળે તેની ચિંતા કરી છે. એવું કહી તેમણે ઉમેર્યું હતું કે, આયુષ્યમાન ભારત યોજના હેઠળ ૧૦૦ કરોડ ગરીબોને આયુષ્યમાન કાર્ડ આપવાની શરૂઆત આજથી થઈ છે.ગરીબ પરિવારને પાંચ લાખ રૂપિયા સુધીની આરોગ્ય સુરક્ષા આ કાર્ડ થકી મળી રહી છે.ગાંધીનગર જિલ્લામાં ૩,૪૪,૮૧૩ આયુષ્યમાન ભારત યોજના નો લાભ મળ્યો છે જેમાં કલોલ તાલુકામાં ૪૨,૦૦૦ ગાંધીનગર તાલુકામાં ૯૭૦૦ પરિવારોને આ લાભ મળ્યો છે. ૧૧૦૦૦ વ્યક્તિઓને નાની-મોટી સારવાર માટે આ યોજના અંતર્ગત ૩૪ કરોડ રૂપિયા ચૂકવામાં આવ્યા છે.

આવનારા દિવસોમાં કેન્સરની જાગૃતિ અંગે નો અભિયાનને સઘન બનાવવામાં આવશે તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે આરોગ્યલક્ષી સેવાઓ ગ્રામ્ય કક્ષાએ પણ સરળતાથી મળી રહે તેવું સુચારું આયોજન આ સરકારના શાસનમાં કરવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશમાં ભાજપનું શાસન ન હોતું તે સમયે માત્ર દસ જ મેડિકલ કોલેજો કાર્યરત હતી. પરંતુ ભાજપના શાસન બાદ ઉત્તર પ્રદેશમાં ૪૦ મેડિકલ કોલેજો કાર્યરત છે. જેમ મેડીકલ કોલેજોની સંખ્યા વધે છે, તેમ તેમાં સમાવેશ થતી ૧૫ જેટલી સ્વાસ્થ્યની સુવિધાઓ આસપાસના વિસ્તારના લોકોને સરળતાથી મળી રહે છે. તેમણે જણાવ્યું હતું કે ગરીબોની માહિતી આ સરકારના શાસનમાં ગરીબોના ઘરના ઘરનું સપનું સાકાર થયું છે. નલ સે જલ,શોચાલય, ગેસ સિલિન્ડર,સ્વાસ્થ્ય સેવાઓ સાથે સાથે કોરોનાની બંને ડોઝોની રસી મફત આપવામાં આવી છે. તેમણે ગાંધીનગર જિલ્લા તંત્ર દ્વારા આજથી આરંભ કરવામાં આવેલા કેન્સર જાગૃતિ અભિયાનમાં સર્વે ગામના સરપંચોને સર્વે કરવા આવતી બહેનો ને સહકાર આપવા અને ગ્રામજનોને આ અંગેની જાગૃતિ આપવા માટેની અપીલ કરી હતી.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી ઋષિકેશ ભાઈ પટેલે જણાવ્યું હતું કે, કેન્દ્રિય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ પોતાના મતવિસ્તારના નાનામાં નાના ગામની સમસ્યા હોય કે, નાનામાં નાના કામ ની સમસ્યા હોય તેના ઉપર પણ પોતાનું ધ્યાન રાખ્યું છે.

તેમણે ઉમેર્યું હતું કે સામાન્ય રીતે આરોગ્યની સેવાઓ સરળતાથી સૌને મળી રહે તે અભ્યાસનો આરંભ ગુજરાતમાં રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યો છે વર્ષ ૨૦૧૨માં રાજ્યમાં ગરીબોની આરોગ્યલક્ષી સેવા આપવાનો મા કાર્ડ નો આરંભ કરવામાં આવ્યો હતો આજે સમગ્ર દેશના ગરીબો માટે આયુષ્યમાન ભારત થકી સરકાર તેમના આરોગ્ય માટે આર્થિક મદદ કરી રહી છે. કેન્સર રોગની સારવાર માટે જી.સી.આઈ.આર ને ૭૫ કરોડ રૂપિયાનો ખર્ચે અદ્યતન સુવિધા ઉભી કરવામાં આવી છે. મહિલાઓમાં મોટેભાગે સર્વાઈકલ અને બ્રેસ્ટ કેન્સર વધુ પ્રમાણમાં વધુ છે. મહિલાઓમાં વધતા જતા કેન્સરની માત્રા અને ઘટાડવા માટે પણ આ સરકાર કટિબદ્ધ છે એવું પણ જણાવ્યું હતું.

કેન્સરની સારવાર માટે પી.એમ.જે.વાય કાર્ડ થકી પણ સારવાર શક્ય બની રહી છે. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે પ્રધાનમંત્રી જન આરોગ્ય સેવા કાર્ડનું વિતરણ લાભાર્થીઓને કરવામાં આવ્યું હતું.

તેમજ ગાંધીનગર અને કલોલ તાલુકામાં રૂપિયા ૧૩૭ લાખથી વધુ રકમના ૬ કામોનું ઈ-ખાતમહુર્ત તેમજ ૨૮ ગામોમાં રૂપિયા ૨૬૯ લાખથી વધુ રકમના વિવિધ નાના-મોટા ૧૦૨ વિકાસ કામોનું ઈ- લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી કુલદીપ આર્ય મહાનુભાવનું શાબ્દિક સ્વાગત કરી જણાવ્યું હતું કે, એક સર્વે મુજબ દર ૧ લાખ પુરુષોમાંથી ૯૪ અને ૧ લાખ મહિલાઓમાંથી ૧૦૩ મહિલાઓ કેન્સરના દર્દીઓ બની રહ્યા છે. કેન્સરના રોગના વધતા જતા વ્યાપને નાથવા માટે ગાંધીનગર સંસદીય મત વિસ્તારના સાસંદ અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ આ અભિયાનનો આરંભ કરવામાં આવ્યો છે.





### રાયચંદજી ઠાકોરના ઘરે જઈ તબિયતની પૃચ્છા કરતા શાહ

કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ આજે ભોંયણના ઠાકોર સમાજના અગ્રણી રાયચંદજી ઠાકોરને કેન્સર થયુ હોવાના સમાચાર મળતાં જ તેમના ઘરે ગયા હતા. તેમના ઘરે જઈ તેમની તબિયતના સમાચાર પુછી ચિંતા ન કરવા જણાવ્યુ હતુ.

તેમના ઘરે હાજર તબીબો અને અધિકારીઓ રાયચંદજીને સારામાં સારી સારવાર મળે તે જોવા અનુરોધ કર્યો હતો.

# આજે વિશ્વરંગભૂમિ દિવસ : નાટક એટલે ત્રિપાર્શ્વ કાચનું દર્પણ

**(મનોજ શુક્લ દ્વારા)**


આજે માર્ચે વિશ્વ રંગભૂમિ દિન છે.ઈન્ટરનેશનલ થિયેટર ઈન્સ્ટિટ્યુટ (I.T.I) દ્વારા વિશ્વ રંગભૂમિ દિનની ઉજવણીનો પ્રારંભ ૧૯૬૧મા કરવામાં આવ્યો.ઑસ્કાર વાઈલ્ડે નાટ્યકલાને સૌથી મોટી કલાનું બિરૂદ આપીને તેને હરખભેર પોંખતા એવું કહ્યું છે કે, "I regard the theater as the greatest of all art forms,the most immediate way in which a human being can share with another the sense of what it is to be a human being." અર્થાત "મારા મતે રંગભૂમિ સૌથી મોટી કલા છે,એક મનુષ્ય બીજા મનુષ્ય સાથે તદ્દન સહેલાઈથી જોડાઈ શકે એવી આ કલામા મનુષ્યને મનુષ્ય હોવું એટલે શું એ સમજાય છે."


નાટ્યકલા રંગમંચ લક્ષી કળાઓમા સર્વોચ્ચ સ્થાને બીરાજતી હોવા છતાં ગુજરાતના નટસમ્રાટ ગણાયેલા જશવંત ઠાકર કહેતા કે "નાટક કોઈ પણ કરી શકે.કરનારની ઈચ્છા હોવી જોઈએ.નાટક જીવનનો જ એક ભાગ છે તેનાથી જુદું નથી."આ વાત તેમની દીકરી અદિતિ દેસાઈએ સાબિત થતી નજર સામે સુપેરે અનુભવી છે.બન્યું એવું કે રઘુવીર ચૌધરીના નાટક 'સિકંદરસાની'મા પદ્મિનીની ભૂમિકા ભજવતા ચાલુ નાટકે અદિતિને સખત તાવ ચઢ્યો.તેઓ એન્ટ્રી માટે વિંગમા ઉભેલા.આંખમા ઘેન અને અર્ધ બેભાનવસ્થામા તેમણે ક્યારે સ્ટેજપર પ્રવેશ લીધો,કેવી રીતે ડાયલોગ યાદ આવ્યા,ક્યારે એક્ઝીટ લીધી એ આજે પણ અદિતિ દેસાઈને યાદ નથી. અલબત્,તે રાત્રે પિતા જશવંત ઠાકરે આ અલૌકિક પરફોર્મન્સ માટે અદિતિને રૂ.૧/-ની નોટ પર હસ્તાક્ષર કરીને ભેટ આપી હતી.આ અદિતિ દેસાઈ પોતે લખે છે કે 'પોલંપોલ' નાટકનાં જામનગરમાં થયેલા શો વખતે તેમની દીકરી દેવકી નાની હતી.ચાલુ નાટકે છાતીમાં દૂધ ભરાઈ ગયેલુ ને હું ગભરાઈ ગયેલી."અદિતિ દેસાઈનુ આ કથન સૂચવે છે કે નાટકના કલાકારે કોઈ પણ પરિસ્થિતિનો સામનો કરીને "Show must go on."ના સૂત્રને ચરિતાર્થ કરવાનું છે.


આપણે ત્યાં નાટકનાં સંદર્ભે નાટક કોનું? લેખકનું કે દિગ્દર્શકનું? એવી ચર્ચા નિરંતર ચાલતી રહે છે. આ અંગે ગુજરાતી રંગભૂમિના ઉત્તમ લેખક,દિગ્દર્શક,શિક્ષક અને ટેલીવીઝન સાથે સંકળાયેલા રહેલા તેજસ્વી રંગકર્મી ઈન્દુ પુવાર સ્પષ્ટ રીતે જણાવે છે કે "લખાયેલા નાટકને દિગ્દર્શક બીજો જન્મ આપે છે. કોઈ પણ લેખકે લખવામાં ગમે તેવું તીર માર્યું હોય છતાં દિગ્દર્શક જ્યારે પણ એનું નિર્માણ કરે છે ત્યારે એમાં કંઈક ને કંઈક નવું ઉમેરણ કરે છે."


ઈન્દુ પુવારની વાતને નેશનલ સ્કૂલ ઓફ ડ્રામાના સ્નાતક અને આપણા અભ્યાસુ નાટ્યકાર સ્વ. ભરત દવેનો ટેકો સાંપડતો હોય એવું લાગે છે.ભરત દવે લખે છે કે "ભજવતા પહેલાનો નાટ્યપાઠ એ વાસ્તવમાં નાટકના 'ગર્ભાધાનની પ્રક્રિયા' છે.નાટકની ટેકસ્ટ એ નાટકનો ગર્ભ છે.નાટકનો ખરો જન્મ,નાટકનું ખરુ મૂલ્યાંકન ત્યારે જ થાય છે જ્યારે તે તખ્તા પર ભજવાય છે." ટૂંકમાં નાટક ભલે સૌ પ્રથમ લેખક કાગળ પર ઉતારે પણ તે એ પછી એ તખ્તાનુ, દિગ્દર્શકનું અને કલાકારોનું બની જતું હોય છે.


આજે તો જે જોઈને હૈયુ તરબતર થઈ જાય એવા ગુજરાતી નાટકો બહુ જોવા નથી મળતા.પણ ૧૯૭૦-૮૦ના દાયકામા આઈ. એન. ટી.ના પ્રવીણ જોષી,લાલુ શાહ, જગદીશ શાહ,કાંતિ મડિયા જેવા રંગભૂમિને સમર્પિત નિર્માતા-દિગ્દર્શકો એક સાથે ગુજરાતી રંગભૂમિને મળ્યા હતા.ઉત્કર્ષ મઝુમદાર લખ્યું છે કે 'મિડિયાનું 'આતમને ઓઝલમાં રાખમાં' જોઈને તો એવા પ્રભાવિત થઈ જવાય કે આખી જિંદગી એ નાટક યાદ રહે.સશક્ત સ્ક્રીપ્ટ,કુશળ દિગ્દર્શન અને જાનદાર અભિનયથી મિડિયાનું કમાલની પ્રોડકશન વેલ્યુ ધરાવતું એ નાટક પ્રેક્ષકો પર અમીટ છાપ છોડી ગયું છે.આ નાટકની અસર કેવી પડી એ તો જુઓ!તેનાં પરથી એક હિન્દી ફિલ્મ પણ બનેલી પણ તે આ નાટક સામે સાવ ફિક્કી લાગે.એમ તો મધુ રાયે રૂપાંતરિત કરેલા નાટક સંતુ રંગીલીનુ લખાણ એટલું ઉત્કૃષ્ટ હતું કે તેનાં પરથી પ્રેરણા લઈને પુ.લ.દેશપાંડેએ મરાઠીમા 'ફૂલરાણી' લખેલું.'














આપણા વિદ્વાન નાટ્યકર્મી ભરત નાયક પણ કહે છે કે '૧૯૬૭ -૬૮ થી લગભગ ૧૯૮૫નો ગાળો એવો હતો કે જ્યારે નાટકોનો સુવર્ણકાળ હતો.સુવર્ણકાળ એટલે કેવો સુવર્ણકાળ? દિલ્હીમાં એન.એસ.ડી.મા પ્રો.અલકાજીસાહેબ ગાજે,બંગાળમા શંભુ મિત્રા ગર્જના કરે,કર્ણાટકમાં બી.વી.કારંથ માયાજાળ પાથરે,છત્તીસગઢમાં હબીબ તન્વીર ભાષા,નાચ અને સંગીતની છોળો ઉડાડે,આસામમા રતન થિયમ આસામી આદિવાસી કલાકારોને અજબ-ગજબના કીમિયાગર બનાવતા,મુંબઈમાં પ્રવીણ જોષીના ડંકા વાગે." ભરત નાયક નાટકની પણ વિશિષ્ટ (અને સર્વાંગી કહી શકાય તેવી) વ્યાખ્યા કરે છે.કહે છે કે "નાટક એટલે કવિતા,નાટક એટલે સંવાદ.નાટક એટલે સંઘર્ષ.નાટક એટલે દ્રશ્યો અને અંકોની ગૂંથણી.નાટક એટલે ભજવણી.નાટક એટલે ત્રિપાર્શ્વ કાચનું દર્પણ.નાટક એટલે લેખક- દિગ્દર્શક-અભિનેતા-નેપથ્ય-નિર્માતાનું સાયુજ્ય.નાટક એટલે જીવન.'

નાટક અંગે ગુજરાતમાં થયેલા એક પ્રયોગ તરફ આપણા કોઈનું ખાસ ધ્યાન ગયું નથી તેની વાત પણ આજે અહીં સંભારવી છે!એ વાત છે આપણાં પરંપરાગત ભવાઈ વેશના પુનર્લેખનની.આપણાં સર્વપ્રિય કવિ,ચિત્રકાર માધવ રામાનુજે ભવાઈ વેશ 'જસમા ઓડણ'નું સુંદર પુનર્લેખન કરેલું.બનેલું એવું કે દર્પણ અકાદમીએ ભવાઈ પરંપરાના કલાકાર ચિમન નાયકને પોતાને ત્યાં આમંત્રણ આપીને ફરી એક વાર ભવાઈના અસલ સ્વરૂપને આત્મસાત કરવાનું આદર્યું.એ અભિયાનમાં માધવ રામાનુજને જોડીને જસમાના વેશનુ નાટ્ય રૂપાંતર થયું.આ નાટક ભારે સફળ થયું.રઘુવીર ચૌધરીના ગામ બાપુપુરામા એ ભજવાયું ત્યારે રઘુવીર એટલા હરખાઈ ગયા કે સ્ટેજ ઉપર જઈને ચિમનભાઈ ઊંચકી લીધેલા. માધવ રામાનુજે કીડનીના દર્દીઓ પાસે પણ નાટક કરાવ્યા છે.પણ એ વાત માટે તો અલગ લેખ કરવો પડે.

આ નાટ્યકલા અંગે આપણા સાહિત્યકારોનો અભિગમ કેવો છે? દુઃખ થાય એવો.આ અંગે સ્વ.ભરત દવે નોંધે છે કે "સાહિત્યકારોનાં મનમાં સાહિત્ય અને નાટકને છેટું છે.એંસીના દાયકામાં જ્યારે હું 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના પાર્કિંગના સ્થળે,પરિષદની મંજૂરીથી મારાં નાટકોના રિહર્સલ્સ કરતો ત્યારે તેનો કેટલાક લેખકોએ વિરોધ નોંધાવેલો.તેમના માનવા મુજબ પરિષદની જગ્યા ફક્ત સાહિત્ય- સાધના માટે છે.નાટકોના રિહર્સલ્સ માટે નહીં. સાહિત્ય જેવા સર્જનાત્મક ક્ષેત્ર સાથે સંલગ્ન વર્ગ જો નાટક અથવા નાટક કરનારાઓને બિનસાહિત્યિક પ્રવૃત્તિ તરીકે જ જોતો હોય તો બીજા સામાન્ય લોકોની તો વાત જ શી કરવી?" આ સૂચવે છે કે નાટક માત્ર સ્ટેજ પર જ ભજવાય છે એવી માન્યતામાંથી નીકળી જવા જેવું છે.

**ઈતિ સિધ્ધમઃ**

'અહીં પડદો ખૂલે પહેલા,
ઘણું ભજવાય છે ભીતર.'

**- કવિ ધ્વનિલ પારેખ**